## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મિત્રો... આ ટર્મમાં ઈચ્છા મૃત્યુ સરળ કરી દીધું છે... આવતી ટર્મમાં અમે આવશું તો ઈચ્છા જીવન મળે તેના વિષે વિચારશું.

# ગાંધીનગર આસપાસ ચાર સ્થળેથી વિદેશી દારૂ ઝડપાયો

### ચિલોડા પોલીસ સ્ટેશનની સામે દારૂ વેચતા શખ્સને એલસીબીએ પકડ્યો : કોલવડા, રાયસણ અને અમીયાપુર ગામેથી પણ વિદેશી દારૂ-બિયરનો જથ્થો મળ્યો

ડીજીપીની સ્પેશ્યલ ડ્રાઈવનો આજે છેલ્લો દિવસ હતો. ગાંધીનગર જિલ્લાના અલગ-અલગ ચાર સ્થળોએ વિદેશી દારૂ, બિયરના અડ્ડાઓ પર પોલીસે દરોડા પાડી દારૂ-બિયરનો જથ્થો પકડ્યો હતો. ચિલોડા પોલીસ સ્ટેશનની સામે જ છાપરામાં વિદેશી દારૂનો વેપલો કરતા શખ્સને ગાંધીનગર એલસીબીની ટીમે પકડી પાડ્યો હતો. તે ઉપરાંત એસઓજીની ટીમે રણાસણ પાટીયા અને કરાઈ પાસે એક ફાર્મમાંથી દારૂનો મોટો જથ્થો પકડ્યો હતો. બીજી તરફ કોલવડા અને અમીયાપુરથી પણ દારૂ-બિયરનો જથ્થો પોલીસે પકડી પાડ્યો હતો.

ગાંધીનગર એસઓજીની ટીમે રણાસણ સર્કલ નજીક બાપજી હોટલ પાસેથી ચિરાગ પ્રવિણ ચાવડા તથા અમરત ઊર્ફે કાળુ લાલજી સલાટને સ્વીફ્ટ ગાડી સાથે પકડી પાડ્યા હતા. કારમાંથી દારૂનો જથ્થો મળતા માલ ક્યાંથી લાવ્યો તેની પુછપરછ કરતા કરાઈ પોલીસ અકાદમી રોડ ઉપર આવેલા ભરત નાથુ ચૌહાણના ફાર્મહાઉસનું સરનામુ મળ્યુ હતુ. તથા દરોડો પાડી એસઓજીએ કાર સહિત રૂ. ૫,૩૪,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બે ની ધરપકડ કરી લીધી હતી. તો બીજી તરફ એલસીબીએ ચિલોડા પોલીસ સ્ટેશન સામે છાપરામાં ચંદ્રવિર મદન શકતાવતને ભાટ ગામે દરોડો પાડી રૂ. ૧૧,૨૦૦ની કિંમતનો ૨૮ લીટર દારૂ ઝડપી લીધો હતો. એલસીબીની ટીમે કોલવડામાં લીસ્ટેડ મહિલા બુટલેગર મંજુલા બાબુ ઠાકોરને ત્યાં રેઈડ કરીને ૨૪ નંગ બિયર પકડી પાડી હતી. તે ઉપરાંત અડાલજ પોલીસે અમીયાપુર પાસેથી ૩૪ નંગ વિદેશી દારૂની બોટલ પકડી પાડી હતી. જેમાં અમીયાપુરના જીજ્ઞેશ સોમા ઠાકોર અને જીતેન્દ્ર લખા ઠાકોર બંને ફરાર છે.






## એસ.ટી. તંત્રમાં ૨૯૦૦થી વધુ ડ્રાઈવર-કંડકટરની જાહેરાત

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યમાં જાહેર પરિવહન માટે ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા એસ.ટી. તંત્રમાં જોડાવવા માંગતા યુવાનો માટે મોટી સંખ્યામાં ડ્રાઈવર અને કંડકટરની ૨૯૩૦ જગ્યાઓ માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. ઉમેદવારો આગામી ૩૧મી માર્ચ સુધી પોતાનું ઉમેદવારી પત્ર ઓનલાઈન ભરી શકશે.

ગુજરાત રાજ્યમાં નાગરિકોને જાહેર પરિવહન સંદર્ભે મજબુત અને જરૂરિયાત મુજબની બસ સેવા મળી રહે તથા યુવાનોને સરકારી બસ સેવામાં રોજગારી આપવા માટે રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે મોટી સંખ્યામાં ખાલી પડેલી જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરી છે.

મોટા પ્રમાણમાં ભરતી થતા એસ.ટી. તંત્રમાં સંખ્યા બળ વધશે જેથી વિવિધ બંધ રૂટ પર પણ બસો દોડાવી શકાશે. પરિણામે છેક છેવાડાના અંતરીયાળ વિસ્તારોમાં પણ નાગરિકોને લાભ મળશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ડ્રાઈવર માટે કુલ ૯૩૩ જગ્યાઓની જાહેરાત પ્રસિદ્ધ થઈ છે. જેમાં શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ પાસ અને ઉંમર ૨૫ થી ૩૮ વર્ષ રખાઈ છે. જ્યારે કંડકટર માટે કુલ ૧૯૯૭ જગ્યાઓ પર જાહેરાત પ્રસિદ્ધ થઈ છે. તેની પણ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ પાસ અને ઉંમર ૧૮ થી ૩૫ વર્ષ નક્કી કરવામાં આવી છે. એસ.ટી. તંત્રમાં નોકરી મેળવવા ઈચ્છુક યુવાનો આગામી ૩૧મી માર્ચ સુધી ઓનલાઈન અરજી કરી શકશે. આ જગ્યાઓ ભરવા માટે નિગમે લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનું પણ આયોજન કર્યુ છે.

## ખોટા પ્રમાણપત્રો મેળવી અનામતનો લાભ લેતા તત્વો સામે આદિવાસી સમાજમાં રોષ

ગાંધીનગર, તા.૧૬

આજે સમસ્ત આદિવાસી સમાજ ગુજરાત રાજ્ય દ્વારા પોતાની માંગણીઓને લઈને ગાંધીનગર ખાતે બપોરે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આદિવાસી સમાજની મુખ્ય માંગણી હતી કે આદિવાસી સમાજના ખોટા સર્ટીફિકેટ લઈને રાજ્યમાં જેટલા નાગરીકોએ ખોટો લાભ લીધો છે. તે તમામ ખોટા નાગરીકોના સર્ટીફિકેટ તાત્કાલીક અસરથી રદ કરવા જોઈએ. તેમજ આ ચાલુ સત્રમાં તે અંગે કડક કાયદો લાવવા માટે ગુજરાતના રાજ્યપાલ ઓ.પી.કોહલી, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને આદિજાતિ મંત્રીને રજુઆત કરી હતી. આ પ્રસંગે આદિવાસી સમાજના અગ્રણીઓ મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર શહેરમાં આજે સમસ્ત આદિવાસી સમાજ ગુજરાત, અખિલ ગુજરાત આદિવાસી સમાજ (સૌરાષ્ટ્ર) જુનાગઢ સહિતના વિસ્તારમાંથી મોટીસંખ્યામાં આદિવાસી સમાજના અગ્રણી આગેવાનો હાજર રહ્યા હતા. રાજયના ઉંમરગામથી અંબાજી સુધીના વિસ્તારમાં ૯૦ લાખ જેટલી વસ્તી ધરાવતો આદીવાસી સમાજ વસવાટ કરે છે.

● અનુસંધા પાના - ૭ પર

## સિવિલમાં દર્દીઓને નાસ્તો અને જમવાનું સમયસર મળતુ નથી

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ભુખ્યા રહેવાનો વારો આવે છે. સિવિલમાં દર્દીઓને મળતો ચા- નાસ્તો અને જમવાનો સમય ન સચવાતા દર્દીઓને હેરાન થવુ પડે છે. ત્યારે દર્દીઓને સમયસર જમવાનુ મળે તેવી દર્દીઓ ઈચ્છી રહ્યા છે. મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ આવે છે. વિવિધ રોગથી પિડાતા દર્દીઓ સારવાર મેળવી સ્વસ્થ બને છે. દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સારવારમાં વધારો થતા ગાંધીનગર ઉપરાંત અન્ય જિલ્લામાંથી દર્દીઓ પણ સારવાર માટે આવે છે. પાંચ માળની ઓપીડી અને આઠમાળની બિલ્ડીંગ આધુનિક બનતા દર્દીઓનો ધસારો વધુ રહે છે. ૬૦૦ બેડની



હોસ્પિટલ દર્દીઓથી ઉભરાતી નજરે પડે છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા દર્દીઓના આરોગ્યને ધ્યાને લઈ ચા-નાસ્તો, દુધ તેમજ જમવાનું આપવામાં આવે છે. છતા પણ દર્દીઓને ભુખ્યા રહેવાનો વારો આવે છે. આ તમામ ચીજવસ્તુઓ વિતરણ કરવાનો સમય નિયત કરાયો છે. તેમ છતા દર્દીઓને સમયસર ચા, દુધ, નાસ્તો તેમજ જમવાનું મળતુ નથી. જેના પગલે દર્દીઓ તેમજ તેમના સ્નેહીજનો ભારે હાલાકી ભોગવવાનો વારો આવે છે. તો કેટલાક દર્દીઓ બહારથી ટીફીન મંગાવીને જમી લે છે. જયારે સિવિલમાં ચા પણ મોડી આવતા સવારની ચા પણ બહારથી પીવાનો વારો આવે છે. ત્યારે સિવિલમાં સમયસર ચા, નાસ્તો તેમજ જમવાનું મળી રહે તેવી દર્દીઓની લાગણી અને માંગણી છે.

## સ્વ. દિવ્યાબેન રાવલની વિદાયથી મહિલાજગતમાં ઘેરા શોકની લાગણી

ગાંધીનગરના જાણીતા સમાજસેવી તથા ગાંધીનગર જ્યોતિ મહિલા મંડળ સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલા દિવ્યાબેન રાવલનું તાજેતરમાં દુઃખદ નિધન થવા પામ્યુ છે. દિવ્યાબેનના નિધનથી સામાજિક તથા સમાજસેવી મહિલાઓ ઘેરા શોકની લાગણી અનુભવે છે.

સમાજસેવી સ્વ. દિવ્યાબેન રાવલ જ્યોતિ મહિલા મંડળના પરિવાર સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલા હતા. તેમજ સંસ્થાની પ્રગતિમાં તેમનું પ્રદાન અનન્ય હતુ. સમગ્ર ગાંધીનગર નહી પરંતુ ગુજરાત ક્ષેત્રે તેઓની નામના રહી છે. રાજકીય વર્તુળમાં પણ તેઓ સ્વ. પ્રબોધભાઈને સાથ આપીને મોખરે રહ્યા હતા.

## જાહેર નિવિદા

માહિતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા (૧) જુના બિન ઉપયોગી ટાયર ટ્યુબ, વાહનોનો ભંગાર તથા અન્ય ભંગારના નિકાલ માટે તેમજ (૨) બિન ઉપયોગી ૧૬ એમ.એમ. પ્રોજેક્ટર તથા જનરેટરના નિકાલ માટે ટેન્ડર બહાર પાડવામાં આવે છે. આ માલ સામાન કચેરીના કામના દિવસોમાં ૧૨.૦૦ થી ૧૬.૦૦ કલાક દરમિયાન માહિતી નિયામકશ્રીની કચેરી, ઈલેક્ટ્રોનિક્સ મિડીયા ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે જોઈ શકશે. ટેન્ડરની નકલો જાહેર રજાના દિવસો સિવાય હિસાબી અધિકારી, માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯, પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરવાથી દરેક ટેન્ડર દીઠ રૂ. ૨૦૦/- ચુકવ્યેથી તા. ૬/૪/૨૦૧૮ સુધીમાં સવારે ૧૧.૦૦ વાગ્યાથી બપોરે ૨.૦૦ વાગ્યા દરમિયાન મળી શકશે.

માહિતી/૨૯૭૦/૧૭-૧૮ માહિતી નિયામક

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# વનબાંધવોની રાખે દરકાર ગુજરાતની સંવેદનશીલ સરકાર



શ્રી નરેન્દ્રભાઈ મોદી
પ્રધાનમંત્રી, ભારત



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

### આદિજાતિ છાત્રોને અદ્યતન શિક્ષણ સુવિધા

- આદિજાતિ વિસ્તારમાં ૯૧ નવોદય પેટર્નની રેસીડેન્શિયલ શાળાઓ દ્વારા ૩૦,૧૭૨ આદિજાતિ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણનો લાભ
- મેડીકલના અભ્યાસમાં પ્રવેશ માટે ૬૯૭૫ આદિજાતિના વિદ્યાર્થીઓને આપ્યું ખાસ કોચિંગ: છેલ્લા ત્રણ વર્ષમાં ૧૬૩૦ વિદ્યાર્થીઓને મળ્યો મેડીકલમાં પ્રવેશ
- ૬ મુખ્ય શહેરોમાં સ્ટેટ ઓફ આર્ટ કક્ષાના સમરસ છાત્રાલયની સ્થાપના: ૩૧૫૦ આદિજાતિ છાત્રોને રહેવા-જમવાની સુવિધા
- નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી થશે કાર્યાન્વિત

### આદિજાતિ ખેડૂતો ખુશહાલ

- વન અધિકાર ધારા હેઠળ ૮૩,૮૭૮ આદિજાતિ પરિવારોને ૧,૨૬,૯૧૫ એકર જમીન ખેડવાના અધિકાર સુપ્રત: ૪૯,૦૦૦ કુટુંબોની જમીન માપણી પૂર્ણ: ૭/૧૨ અને ૮-અ ના મહેસુલી રેકર્ડમાં બીજા હક્કની નોંધ: ૪૬૫૯ સામુહિક દાવા અને ૯૩૯ માળખાકીય સુવિધાઓ માટેના દાવાઓને મંજૂરી
- કૃષિ વૈવિધ્યકરણ: આદિજાતિના ૫ લાખથી વધુ ખેડૂતોને સુધારેલ બિયારણ, ખાતર, મંડપ યોજના હેઠળ લાભ
- આદિજાતિ મહિલાઓને ૧,૧૪,૩૪૩ દૂધાળાં પશુ આપી આત્મનિર્ભર બનાવવાનો સફળ પ્રયાસ

વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રૂ.૧૩,૨૭૮ કરોડની વિશેષ જોગવાઈ

### આદિજાતિઓના સ્વાસ્થ્યની સંભાળ

- રાજ્યના ૯૦ લાખ આદિજાતિ લોકોનું સિકલસેલ એનિમિયા માટે સ્ક્રિનીંગ પૂર્ણ: આદિજાતિના દર્દી માટે વાર્ષિક રૂ.૬૦૦૦/-ની સહાય: સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખાસ વોર્ડ ઉભા કરાયા
- દૂધ સંજીવની યોજના: તમામ આદિજાતિ તાલુકાની આંગણવાડીઓ અને પ્રાથમિક શાળાઓના ૨૦ લાખથી વધુ બાળકોને ફોર્ટીફાઈડ ફ્લેવર્ડ દૂધનો લાભ

### આદિજાતિઓનો આર્થિક વિકાસ

- ૮ સ્ટેટ ઓફ આર્ટ કક્ષાના વ્યવસાયિક તાલીમ કેન્દ્ર દ્વારા ૪૯,૪૭૯ આદિજાતિ યુવાઓને તાલીમ: ૩૫,૦૦૦ને સીધી રોજગારી સાથે જોડાણ
- ૨૪ પરંપરાગત હાટ બજારને અદ્યતન સુવિધાઓ સાથે ઉભા કરી આદિજાતિ વિસ્તારમાં આર્થિક વિકાસને આપ્યો વેગ: ચાલુ વર્ષે ૧૦ નવા હાટને મંજૂરી
- અંતરિયાળ આદિજાતિ વિસ્તારમાં 'ફાઇનાન્શિયલ ઇન્ક્લુશન' હેઠળ ૨૯ એ.ટી.એમ.ની સ્થાપના: ૩ લાખ જેટલા કુટુંબોનું બેંક સુવિધા સાથે જોડાણ

### પેસા એક્ટના અમલથી આદિજાતિઓનું સશક્તિકરણ

- ગૌણ વનપેદાશના માલિક હવે ગ્રામસભા અને આદિવાસી સમાજ
- ગૌણ વનપેદાશના વેચાણની સંપૂર્ણ આવક એકત્રિત કરનારના ખાતામાં સીધી જમા
- પરવાનો લઇ ગૌણ ખનિજ વાપરવાનો મળ્યો અધિકાર

માહિતી ૨૦૧૭-૧૮ (૭૪)

આદિજાતિ સમુદાયને સમાજની મુખ્યધારામાં લાવવા સરકાર પ્રયત્નશીલ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત